# કોંગ્રેસ હવે વિપક્ષમાં પણ બેસવાને લાયક નથી : મુખ્યમંત્રી

## સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં ભાજપના ભવ્ય વિજય બાદ વિજય રૂપાણીનો હુંકાર : મતદારોનો વિશ્વાસ તુટવા નહીં દઈએ : સી.આર. પાટીલ

'કોંગ્રેસ હવે વિપક્ષમાં પણ બેસવાને લાયક રહી નથી.' મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્થાનિક સ્વરાજમાં ભાજપની મોટી જીતને અનુલક્ષીને પ્રતિક્રિયા આપતા કમલમ ખાતે જણાવ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'ગુજરાત ભાજપનો ગઢ છે અને રહેશે કેમ કે વડાપ્રધાન નરેન્દ્રભાઈએ જે રીતે મોસાળમાં મા પીરસનાર હોય તેમ ગુજરાતને સાચવ્યું છે. આજે હું ગુજરાતની જનતાનો આભારી છું.' આ સાથે મુખ્યમંત્રીએ આમ આદમી પાર્ટી બાબતે કહ્યું હતું કે પાંચસો બેઠકોમાંથી સોળ-સત્તર બેઠકો જીતવી એને કોઈ જીત ના કહેવાય.

સ્થાનિક સ્વરાજની ચુંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીને પ્રાપ્ત થયેલી મોટી સફળતાને પગલે કમલમ પર 'વિજયોત્સવ' ઉજવાયો હતો. ૨૦૧૫માં જયાં જયાં ભાજપની હાર થઈ હતી તેવી બેઠકો પર પણ આ વખતે ભાજપે કબજો કર્યો છે જયારે ગ્રામીણ વિસ્તારમાં મજબૂત ગણાતી કોંગ્રેસના સૂપડાં સાફ થઈ ગયા છે અને હવે ગામડાંઓમાં પણ ભાજપને અભૂતપૂર્વ આવકાર પ્રાપ્ત થયો છે. અનેક કોંગ્રેસી દિગ્ગજો તથા ધારસભ્યો હારી ગયા છે, નિરંજન પટેલ હારી ગયા તે જ રીતે ઘણાં કોંગ્રેસી નેતાઓ તથા તેમના સગા સંબંધીઓએ પણ હારનો સામનો કરવો પડયો છે. ભવ્ય જીત પ્રાપ્ત કર્યા



બાદ મુખ્યમંત્રી વિજય રૂપાણીઓ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે જનતાના જુસ્સાથી કોંગ્રેસનો સફાયો થયો હોવાનું જણાવતા રાજયની જનતાએ વિકાસની રાજનીતિને પસંદ કરી હોવાનું કહ્યું હતું. આ પ્રસંગે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે કહ્યુ હતું કે 'ભાજપના કાર્યકર્તાઓનો મતદારો સાથે સીધો સંપર્ક, તેમજ રાજય સરકારના પ્રજા લક્ષી કાર્યોનું પરિણામ મળ્યું છે. મહાનગરપાલિકાઓમાં ભાજપને જીત મળી હતી અને હવે ૩૧ જિલ્લા પંચાયતોમાં પણ ભાજપ લીડ કરી રહ્યું છે જેમાં જીત મેળવશે. આ પ્રકારના પરિણામો તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં પણ દેખાઈ રહ્યાં છે ત્યારે ભાજપના સમર્પિત કાર્યકર્તાઓએ ગુજરાતની જે રીતે માવજત કરી છે તે દેખાઈ આવે છે.' આ સાથે તેમણે પણ ગુજરાતની જનતાનો આભાર માન્યો હતો.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર સરકારી વિનયન કોલેજ ખાતે આજે યોજાયેલ મતગણતરીનો ધીમી ગતિએ આરંભ થયો હતો અને બપોરે ૧૧.૩૦ પછી પહેલુ પરિણામ આવ્યુ હતુ.
- ગાંધીનગર સરકારી વિનયન કોલેજ ખાતે મતગણતરીમાં આવતા કાર્યકરોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.
- ગાંધીનગર તાલુકાની ૮ બેઠકોમાં બધા જ ઉમેદવારોએ જ પ્રતિસ્પર્ધીઓ પર લીડ મેળવી હતી. અડાલજની એક બેઠક એવી હતી કે જેમાં ભાજપે તમામ રાઉન્ડમાં તેની લીડ જાળવી રાખી હતી.
- ગાંધીનગર જિલ્લામાં આ સપ્તાહમાં બીજીવાર કોરોનાથી સંક્રમિત થનાર અને રિકવરી પ્રાપ્ત કર્યા બાદ ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા સમાન છે.
- જેમ જેમ પરિણામો જાહેર થતા ગયા હતા તેમ તેમ કાર્યકરોમાં પણ ઉત્સાહની ઓટ જોવા મળી હતી.
- વિસર્જીત પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલ, પૂર્વ ચેરમેનો અરવિંદસિંહ સોલંકી તેમજ નરેશજી ઠાકોરનો પરાજય થયો હતો.
- વિનયન કોલેજ ખાતે ગાંધીનગર તાલુકાની ૮ બેઠકોમાંથી ૭ બેઠકો પર ભાજપનો વિજય થયો હતો.
- આજે પંચાયતની ચૂંટણીના પરિણામોને લઈ શરતોનું બજાર પણ જોરદાર ગરમ રહેવા પામ્યુ હતુ.

# 'નળ સે જળ' યોજના અન્વયે શહેરી ગામોમાં ૭૨૨૦ જોડાણ નિયમિત કરાશે

## આ વિસ્તારમાં પાણીનો સપ્લાય આપવા માટે નવી લાઇન નાંખી જોડાણ અપાશે : સપ્લાયમાં ઘટ ન આવે તે માટે નવા બોર બનશે

ગાંધીનગર તા ૨

ગાંધીનગર શહેરી વિસ્તારના ગામોમાં નળ સે જળ યોજના અન્વયે ગેરકાયદેસર જોડાણને કાયદેસર કરવા માટે કામ હાથ ધરાશે. આ અન્વયે અંદાજિત રૂ ૨ કરોડના ખર્ચે પાઈપલાઈનનુ કામ હાથ ધરાશે જયારે સપ્લાયમાં ઘટ ન આવે તે માટે નવા બોર પણ બનાવાશે. શહેરી ગામોમાં સર્વેના અંતે ૭૨૨૦ જોડાણને નિયમિત કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવશે.

ગાંધીનગરના શહેરી ગામોમાં નળ સે જળ યોજના અન્વયે પાણીના ગેરકાયદેસર જોડાણને કાયદેસર કરવા માટે ટુંકમાં જ કામગીરી શરૂ કરી દેવાશે. તંત્ર દ્વારા આ અન્વયે ગામોમાં સર્વે હાથ ધરાયો હતો જેના અંતે પાલજ, આદીવાડા, બોરીજ, વાસણ, ફતેપુરા, ઈન્દ્રોડા, ધોળાકુવા અને ગોકુલપુરા સહીતના વિસ્તારમાં ૭૨૨૦ જેટલા જોડાણોને નિયમિત કરવા માટે આયોજન કરાયુ છે. ગામોમાં નળ સે જળ યોજના અન્વયે ગ્રામજનોને નળમાંથી પુરતુ પાણી મળી રહે તે માટે તંત્ર દ્વારા જરૂરી પાઈપલાઈનનુ કામ પણ હાથ ધરાશે. આ અન્વયે ટેન્ડર પ્રક્રીયા પણ હાથ ધરવામાં આવી છે. આ માટે અંદાજિત રૂ ૨ કરોડનો ખર્ચ કરાશે. ટેન્ડર પ્રક્રીયાના અંતે વિસ્તારમાં પુરતા ફોર્સથી પાણી મળી રહે તે માટે જરૂરી પાઈપલાઈન પણ નાંખવામાં આવશે. જયારે આ વિસ્તારમાં હાલ પાણીના સપ્લાયમાં કોઈ કમી ન આવે તે માટે નવા નિયમિત જોડાણ કરવાની યોજનાને ધ્યાને લઈને નવા બોર બનાવાશે. શહેરી વિસ્તારના ગામોમાં ઉનાળાની આકરી ગરમી દરમિયાન આમ પણ પાણીની પોકાર ઉઠવા પામે છે. જયારે આ વિસ્તારમાં દાયકાઓના અંતે પણ જરૂરી માળખાગત સુવિધાઓ પુરી થઈ શકી ન હોવાનો રોષ પણ સ્થાનિકો વ્યકત કરી રહ્યા છે. ત્યારે સરકારે હાથ ધરેલી નળ સે જળ યોજના અન્વયે આગામી દિવસોમાં પુરતા ફોર્સથી પાણી મળી રહે તેવુ આયોજન કરવા માટે પણ કામગીરી શરૂ કરી દેવાશે. પાણીની નવી પાઈપલાઈન સાથે નવા બોર પણ બનાવાશે જેથી સપ્લાયમાં ઘટની સમસ્યા ન સર્જાય તેમ પણ સુત્રોએ જણાંવ્યુ છે.

# જિલ્લામાં કોરોનાના ૯ કેસ : ૯ ને ડિસ્ચાર્જ

## સરગાસણમાં બે કેસ, વાવોલ અને કુડાસણમાંથી કેસ મળ્યા : શહેરમાં સે. ૨ માં બે કેસ ઉપરાંત સે. ૩, ૬, ૧૭ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના નવ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરમાં પાંચ અને ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમા ૪ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં નોંધાયેલા ૪ કેસમાંથી બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલા ૪ કેસમાં એક મહિલા દર્દીનો સમાવેશ થાય છે. આજે નોંધાયેલા કેસોમાં એક કર્મયોગીનો પણ સમાવેશ થાય છે.

ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામેથી બે કેસ અને વાવોલ તેમજ કુડાસણ ગામેથી એક એક કેસ મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૧૧૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩૬ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૬૫૬ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

વાવોલ અને કુડાસણના દર્દીઓને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ પાંચ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે.

શહેરમાં આજે સંક્રમિત થનારાઓમાં ૩ વિદ્યાર્થી, એક ઉદ્યોગભવનમાં એસ્ટીમેટર તરીકે ફરજો બજાવતો કર્મયોગી તેમજ ખાનગી કંપનીના ઓપરેશન મેનેજરનો સમાવેશ થાય છે.

શહેરમાં આજે સે. ૨ માંથી ૨, સે. ૩, ૧૭, ૬ માંથી એક-એક કેસ મળેલ છે. કોરોના માટે સંવેદનશીલ બનેલ સેકટરોમાંથી કોરોનાના કેસો મળવાના શરૂ થતાં તંત્રમાં ચિંતાની લાગણી વધવા પામી છે. શહેરમાં કોરોનાથી સંક્રમિત થનારા વિદ્યાર્થીઓની સંખ્યા પણ વધી છે. શહેરમાં આજે વધુ પાંચ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં આજે પણ ૫૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

# સે-૨૪ થી ૨૭માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ શરૂ

શહેરના સે-૨૪ થી ૨૭ માં આંતરિક માર્ગોની સુધારણાનુ કામ શરૂ કરી દેવાયુ છે. આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૫ કરોડનો ખર્ચ કરાશે જયારે આગામી ચાર મહીનામાં ચારેય સેકટરોમાં ૩૦ કી મી નુ આંતરિક રોડ નેટવર્ક ચકાચક બની જશે. છેલ્લા ઘણાં સમયથી સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવા માટે માંગ ઉઠવા પામી હતી ત્યારે નવા સેકટરોની જેમ આ વિસ્તારમાં ટુંકા ગાળામાં જ માર્ગોનુ ધોવાણ થશે કે પછી ગુણવત્તા મામલે તંત્ર પુરતી તકેદારી રાખશે તે અંગે પણ અનેક સવાલો મંડરાયા છે.

શહેરમાં તબક્કાવાર માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવે છે. હાલ એકબાજુ નગરના ગ માર્ગને સિકસલેન બનાવવા માટે પણ કામ હાથ ધરાયુ છે જયારે બીજીતરફ સેકટરોમાં પણ આંતરિક માર્ગોની સુધારણાનુ કામ શરૂ કરી દેવાયુ છે. અગાઉ સે-૧૯ માં પણ આંતરિક માર્ગોના રીસરફેસીંગની કામગીરી પુર્ણ કરવામાં આવી છે. ત્યારે નાયબ મુખ્યમંત્રીએ નગરના માર્ગોને ચકાચક બનાવવા તેમજ વરસાદી દિવસોના અંતે ધોવાયેલા માર્ગોના ગાબડા પુરવા માટે અલાયદી રકમ પણ ફાળવી છે. હાલ શહેરના જુના સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જેમાં લાંબા સમય બાદ સે-૨૪, સે-૨૫ અને સે-૨૬ તેમજ સે-૨૭ માં માર્ગ સુધારણાનુ કામ શરૂ કરી દેવાયુ છે. શહેરના જુના ચારેય સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરી અન્વયે રૂ ૫ કરોડનો ખર્ચ કરાશે. જયારે આ દરમિયાન સેકટરોના આંતરિક ૩૦ કીલોમીટરના માર્ગોને ચકાચક બનાવાશે. આ કામ આગામી ચાર મહીનામાં પુર્ણ કરી દેવાશે. શહેરના નવા સેકટરોમાં ત્રણ વર્ષ અગાઉ માર્ગ સુધારણાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. પરંતુ વરસાદી દિવસોના અંતે હાલ આંતરિક માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. ડામર માર્ગોની કાંકરીઓનો ઢગ ખડકાયો છે. ત્યારે નવા સેકટરોમાં માર્ગ સુધારણાની કામગીરીની ગુણવત્તા સામે પણ પ્રશ્નાર્થ સર્જાયો છે. નાગરિકોએ ફરી વાર માર્ગોનુ કામ હાથ ધરવા માટે રજુઆત કરી છે. ત્યારે જુના સેકટરોમાં માર્ગ સુધારણા દરમિયાન યોગ્ય ગુણવત્તા જળવાય તેવી પણ માંગણી સ્થાનિકોએ ઉઠાવી છે.

# લઘુત્તમ તાપમાન ગગડતા ગરમીમાં રાહત

ગાંધીનગર, તા. ૨

છેલ્લા કેટલાક દિવસોથી અસામાન્ય રીતે વધી રહેલા તાપમાન પર થોડોક બ્રેક આવ્યો છે. ગઈકાલે રાત્રે ૧૯.૫ ડિ.સે. સુધી પહોંચી ગયેલું લઘુત્તમ તાપમાન એક જ દિવસમાં ૮ ડિગ્રી જેટલુ ઘટીને ૧૧.૫ ડિ.સે. પર પહોંચતા ગરમીથી થોડીક રાહત મળી છે.

ફેબ્રુઆરી માસના અંતિમ દિવસોમાં ગરમી અચાનક જ વધવા માંડી હતી. તાપમાન દિવસે દિવસે વધવા માંડતા આકરા ઉનાળાનો અનુભવ થઈ રહ્યો હતો. છેલ્લા ત્રણ-ચાર દિવસથી તો લઘુત્તમ તાપમાન પણ ખૂબ ઉંચકાયુ હતુ. લઘુત્તમ તાપમાનનો પારો ગઈકાલે ૧૯.૫ ડિ.સે. સુધી પહોંચી જતાં રાત્રે પણ સારી એવી ગરમી અને બફારો અનુભવાતો હતો. પરંતુ એક જ દિવસમાં વાતાવરણમાં ફરી પરિવર્તન આવ્યુ છે.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન



કોરોના રસીકરણના બીજા તબક્કાનો રાજ્યવ્યાપી પ્રારંભ







૬૦ વર્ષથી ઉપરના વડીલો (સિનિયર સિટીઝન) અને ૪૫ થી ૬૦ વર્ષ વચ્ચેના ગંભીર પ્રકારના રોગોથી પીડાતાં નાગરિકોને તા.૧/૩/૨૦૨૧થી તમામ સરકારી હોસ્પિટલ અને દવાખાનાઓમાં સંપૂર્ણપણે વિનામૂલ્યે રસી આપવામાં આવે છે.

રાજ્યમાં કુલ ૨૦૫૦ સરકારી આરોગ્ય સંસ્થાઓ અને ૫૩૪ ખાનગી આરોગ્ય સંસ્થાઓ ખાતેના વેક્સિનેશન સેન્ટરો ઉપર વેક્સિનેશન કરવામાં આવે છે.

લાભાર્થીઓએ કોવિન ૨.૦ પોર્ટલ અથવા આરોગ્ય સેતુ એપ્લીકેશનમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવું અને જો ઓનલાઈન રજીસ્ટ્રેશન ના થાય તો વેક્સિનેશન સાઈટ પર જઈને રજીસ્ટ્રેશન કરાવીને રસી લઈ શકાય છે.

૧ જાન્યુઆરી ૨૦૨૨ના રોજ જેના ૬૦ વર્ષ પૂર્ણ થતા હોય તેવા તમામ વ્યક્તિઓએ રજીસ્ટ્રેશન માટે આધારકાર્ડ અને જો આધારકાર્ડ ઉપલબ્ધ ના હોય તો નિયત કરેલ ઓળખપત્ર પૈકી કોઈપણ એક ઓળખ પત્ર રજૂ કરવાનું રહે છે.

૪૫-૬૦ વર્ષના વ્યક્તિઓએ રજીસ્ટ્રેશન માટે આધારકાર્ડ અને જો આધારકાર્ડ ઉપલબ્ધ ના હોય તો નિયત કરેલ ઓળખપત્ર પૈકી કોઈપણ એક ઓળખપત્ર તથા કોઈપણ રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરનું બીમારી હોવા અંગેનું પ્રમાણપત્ર પણ રજૂ કરવાનું રહે છે.

આરોગ્ય વિભાગ દ્વારા માન્ય ખાનગી હોસ્પિટલમાં આ રસીનો ચાર્જ પ્રતિડોઝ રૂ.૧૫૦/- અને મહત્તમ સર્વિસ ચાર્જ રૂ.૧૦૦/- મળી કુલ મહત્તમ રૂ.૨૫૦/- પ્રતિ ડોઝ ચૂકવવાના રહેશે અને કુલ ૨ ડોઝના રૂ.૫૦૦/- ચૂકવવાના રહેશે.

કોરોના સંક્રમણથી બચવા અને સુરક્ષિત રહેવા દરેક નાગરિકોને તબક્કાવાર વ્યવસ્થા પ્રમાણે વેક્સિન લેવા મારી વિનંતી છે.
બધા જ પી.એચ.સી., યુ.પી.એચ.સી., સી.એચ.સી, જિલ્લાની સિવિલ હોસ્પિટલ, મેડિકલ કોલેજ હોસ્પિટલ અને સિવિલ હોસ્પિટલો ખાતે એમ રાજ્યની કુલ 2050 હોસ્પિટલોમાં વિનામૂલ્યે રસી આપવામાં આવે છે.

- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય